**UDHNA CITIZEN COMMERCE COLLEGE &**

**S.P.B. COLLEGE નો BUSINESS ADMINISTRATION &**

**SMT. DIWALIBEN HARJIBHAI GONDALIA COLLEGE નો BCA & IT**

---

**Class:T.Y.B.Com. (Sem. 5)**

**Subject: Advanced** Accounting **& Auditing 6**

---

# ભંડોળ પ્રવાહ પત્રક થિયરી

## 3.1 પ્રસ્તાવના :

ધંધાની નાણાકીય સ્થિતિમાં સમગ્ર નાણાકીય વર્ષ દરમિયાન કોઈ પણ પ્રકારના ફેરફાર થયા હોય તેનું પ્રતિબિંબ વર્ષના અંતે નાણાકીય પત્રકોમાં દર્શાવવામાં આવે છે. આમ નાણાકીય પત્રકોમાં પાકા સરવૈયા અને નફા-નુકસાન ખાતું આ બે સૌથી મહત્ત્વપૂર્ણ પત્રકોનો સમાવેશ થાય છે. પાકુ સરવૈયું ધંધાની આર્થિક પરિસ્થિતિ ચોક્કસ તારીખે કેવી છે તેનો નિર્દેશ કરે છે. જ્યારે નફા-નુકસાન ખાતું કામગીરીની પરિસ્થિતિ દર્શાવે છે. પરંતુ આ પત્રકોની મર્યાદાઓ છે. જે ધંધાના ભંડોળપ્રવાહ વિશે કોઈ માહિતી આપતું નથી તેમજ નાણાકીય વર્ષ દરમિયાન સંપત્તિ અને જવાબદારીઓમાં થતા ફેરફારને જાહેર કરવામાં નિષ્ફળ જાય છે. નાણાકીય વર્ષ દરમિયાન ધંધાની કામગીરી, વિવિધ મિલકતો, જવાબદારીઓ અને મૂડી સંદર્ભે ફેરફારોમાંથી પસાર થાય છે. આવા ફેરફારો અને વ્યવસાયિક ફેરફારોના કારણોની જાણકારી કંપનીના સંચાલકો માટે અત્યંત ઉપયોગી બની શકે છે. દા.ત. કંપની દ્વારા મિલકત ખરીદવા માટે ડિબેન્ચરનું ભરણું કરીને ભંડોળ મેળવી શકે છે. તેથી બે વર્ષના પાકા-સરવૈયાની તારીખો વચ્ચે મિલકતો, જવાબદારીઓ અને માલિકીના ભંડોળમાં થતા ફેરફારો બતાવવા માટે એક વધારાનું પત્રક તૈયાર કરવું જોઈએ. આવા પત્રકને 'નાણાકીય સ્થિતિમાં બદલાવનું નિવેદન' કે 'ભંડોળપ્રવાહ પત્રક' તરીકે જાણીતા છે.

## 3.2 ભંડોળનો અર્થ :

ભંડોળ શબ્દના વિવિધ અર્થઘટન અને અર્થ છે : બે છેડા પરના રોકડ અને તમામ નાણાકીય સંસાધનો વચ્ચે બદલાવ. આ શબ્દના મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી અભિગમ નીચે મુજબ હોઈ શકે :

— ભંડોળ શબ્દનો ટૂંકો અર્થ હાથ પર રોકડ કે બેંકમાં રોકડ એવો પણ થાય છે.

— ભંડોળ શબ્દનો વ્યાપકપણે અર્થ 'ચોખ્ખી કાર્યશીલ મૂડી' પણ થાય છે. જે 'ચોખ્ખી ચાલુ મિલકતો' તરીકે પણ ઓળખાય છે. જેને 'ચાલુ મિલકતો' અને 'ચાલુ જવાબદારીઓ' વચ્ચેના તફાવત તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

ભંડોળ = ચાલુ મિલકતો - ચાલુ દેવાં

— ભંડોળ શબ્દનો ખૂબ જ વ્યાપકપણે અર્થ તમામ નાણાકીય સંસાધનો કે કાર્યશીલ મૂડી એમ પણ થાય છે.

### 3.2.1 પ્રવાહનો અર્થ :

પ્રવાહ શબ્દનો અર્થ : એ ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગ અથવા ફેરફારો વિશેની ગતિનો ઉલ્લેખ કરે છે. તેથી ભંડોળના ફેરફારને ભંડોળના પ્રવાહ તરીકે ઓળખવામાં આવે છે.

### 3.2.2 ભંડોળ પ્રવાહ પત્રક :

ભંડોળપ્રવાહ પત્રક હિસાબી વર્ષ દરમિયાન થયેલાં વિવિધ મિલકતો, જવાબદારીઓ અને માલિકની મૂડી વચ્ચેના ભંડોળના પ્રવાહની જાણકારી આપવાનો પ્રયાસ કરે છે. **સ્મિથ અને બ્રાઉનના** શબ્દોમાં 'ભંડોળપ્રવાહ પત્રક એ બે જુદી જુદી તારીખો વચ્ચેની નાણાકીય સ્થિતિમાં થતા ફેરફારને સારાંશ સ્વરૂપમાં દર્શાવવા માટે તૈયાર કરવામાં આવે છે."

રોબર્ટ એન્થોનીના જણાવ્યા અનુસાર, "ભંડોળપ્રવાહ પત્રક એટલે જે સ્રોતોમાંથી વધારાનું ભંડોળ મેળવીએ અને ઉપયોગ કરવા આ ભંડોળને ક્યાં મૂકવામાં આવે છે તે જાણી શકાય તેવું પત્રક."

આ પત્રકને બીજા અનેક નામથી પણ ઓળખવામાં આવે છે જેમકે 'ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગનું પત્રક' (Statement of Sources and Application of Funds) where got, where gone statement, statement of funds generated and expended વગેરે.

## ભંડોળ પ્રવાહ પત્રકના ઉપયોગીતા

1. **નાણાકીય વિશ્લેષણ (Financial Analysis):**
   - કંપની પાસે ભંડોળ ક્યાંથી આવે છે અને ક્યાં વપરાય છે તેની સ્પષ્ટ સમજ મળે છે.
2. **લાંબા ગાળાનું આયોજન (Long-term Planning):**
   - નવું મશીનરી ખરીદવી, લોન ચૂકવવી, અથવા ડિવિડન્ડ નક્કી કરવો તે માટે મદદરૂપ થાય છે.
3. **લિક્વિડિટી પોઝિશન જાણી શકાય (Liquidity Position):**
   - કંપનીની વર્કિંગ કેપિટલની સ્થિતિથી નાણાં ઉપલબ્ધ છે કે નહીં તે જાણી શકાય.
4. **રોકાણકારો અને કરજદારો માટે ઉપયોગી (For Investors & Creditors):**
   - કંપનીની નાણાકીય મજબૂતી વિશે વિશ્વાસ મળે છે.
5. **ભૂતકાળનું મૂલ્યાંકન (Review of Past Performance):**
   - કંપનીએ પહેલાંના વર્ષોમાં ફંડનો કેટલો યોગ્ય ઉપયોગ કર્યો તે જાણી શકાય છે.

### ભંડોળ પ્રવાહ પત્રકની મર્યાદાઓ

1. **ઇતિહાસ આધારિત માહિતી**
   - આ પત્રક ભૂતકાળના આંકડાઓ પરથી તૈયાર થાય છે.
   - ભવિષ્ય માટે સીધી આગાહી કરી શકાતી નથી.
2. **બેલેન્સ શીટ પર આધારિત**
   - ફંડ ફ્લો સ્ટેટમેન્ટ તૈયાર કરવા માટે બેલેન્સ શીટની જરૂર પડે છે.

- જો બેલેન્સ શીટમાં ભૂલો હોય તો ફંડ ફ્લો પણ ખોટો બની શકે છે.

3. **ટૂંકા ગાળાના વિશ્લેષણ માટે ઉપયોગી નથી**
   - આ પત્રક લાંબા ગાળાના ભંડોળની હિલચાલ બતાવે છે.
   - ટૂંકા ગાળાની નાણાકીય સ્થિતિ (short-term liquidity) જાણવા માટે યોગ્ય નથી.
4. **આવક-ખર્ચનું વિગતવાર દર્શન નથી કરતું**
   - સામાન્ય નફો-નુકસાન ખાતાની જેમ આવક અને ખર્ચનું સંપૂર્ણ વર્ણન આપતું નથી.
5. **સમયખાઉ પ્રક્રિયા**
   - આ પત્રક તૈયાર કરવા માટે વિવિધ હિસાબી પુસ્તકોમાં ફેરફાર કરવાની જરૂર પડે છે, જે લાંબી પ્રક્રિયા છે.
6. **રોકડ પ્રવાહ પત્રક કરતાં ઓછી ઉપયોગીતા**
   - આજના સમયમાં Cash Flow Statement (રોકડ પ્રવાહ પત્રક) વધારે ઉપયોગી છે, કારણ કે તે સીધો રોકડની હિલચાલ બતાવે છે.

---

✅ **સારાંશ:**
ભંડોળ પ્રવાહ પત્રક લાંબા ગાળાના ભંડોળના સ્ત્રોત અને ઉપયોગની સારી ઝાંખી આપે છે, પરંતુ રોકડની વાસ્તવિક સ્થિતિ, ટૂંકા ગાળાની લિક્વિડિટી અને ભવિષ્યના નાણાકીય આયોજન માટે તે પૂરતું અસરકારક નથી.

## ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવાની પ્રક્રિયા

ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવા માટે ત્રણ તબક્કા છે:

1. **સુધારેલ નફા-નુકશાન ખાતું (Adjusted Profit & Loss Account)**
   - ચોખ્ખા નફામાં **(Net Profit)** એવાં બિન રોકડ ખર્ચ (જેમ કે ઘસારો/**Depreciation)** તથા અનામતો **(Reserves)** ઉમેરીને **કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ** શોધવામાં આવે છે.

**સુધારેલ નફો-નુકસાન ખાતાની જરૂર કેમ પડે?**

Fund Flow Statement માં સૌથી મહત્વનું "**Funds from Operations (કામગીરી પ્રવૃત્તિઓમાંથી મળેલ ભંડોળ)**" ગણવું પડે છે.

સીધો ચો.નફો લેવો યોગ્ય નથી, કારણ કે તેમાં કેટલાક non-fund items (જેમ કે ઘસારો, આરક્ષણ, નફો/નુકસાન) સામેલ હોય છે.

તેથી, ચો.નફાને **સુધારીને સુધારેલ ચોખ્ખો નફો** કાઢવા માટે **સુધારેલું નફા નુકશાન ખાતું** તૈયાર કરવું જરૂરી છે.

○

**સુધારેલું નફા નુકશાન ખાતું (નમુનો કાલ્પનિક આંકડા સાથે )**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| **ઘસારો જમીન અને મકાન** | 5000 | **શરૂની બાકી** | 25000 |
| **ફર્નિચરની ખોટ** | 1500 | **નફો -જમીન અને મકાન** | 14000 |
| **ઘસારો ફર્નિચર** | 600 | સુધારેલો નફો | **28000** |
| **ઘસારો મોટર કાર** | 8000 | | |
| **રોકાણોમાંડી વાળ્યા** | 11500 | | |
| **શેર બહાર પાડવાનો ખર્ચ માંડી વાળ્યા** | 3000 | | |
| **છેવટની બાકી** | 37400 | | |
| | 67000 | | 67000 |

2. **કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક (Schedule of Changes in Working Capital)**

- ચાલુ મિલકત અને ચાલુ દેવા વર્ષવાર તુલનાથી **કાર્યશીલ** મૂડીમાં કેટલો વધારો કે ઘટાડો થયો તે બતાવાય છે.

કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક **(નમુનો કાલ્પનિક આંકડા સાથે )**

| વિગત | 31.03.24 રૂ. | 31.03.25 રૂ. | કાર્યશીલમૂડી માં ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | **વધારોરૂ.** | **ઘટાડોરૂ.** |
| **ચાલુમિલકત** : | | | | |
| **સ્ટોક** | 62500 | 97600 | 35100 | - |
| **દેવાદારો** | 39900 | 34100 | - | 5800 |
| **રોકડ** | 17500 | 23700 | 6200 | - |
| **કુલ ચાલુમિલકત** (A) | 119900 | 155400 | | |
| **કુલ ચાલુજવાબદારી** | | | | |
| **લેણદાર** | 99999 | 111111 | - | 11112 |
| **દેવીહુંડી** | 20001 | 18889 | 1112 | |
| **કુલ ચાલુજવાબદારી** (B) | 120000 | 130000 | | |
| **કાર્યશીલ મૂડી**(A-B) | -100 | 25400 | | |
| કાર્યશીલ મૂડીમાં વધારો**(?)** | **25500** | | | **25500** |
| | 25400 | 25400 | 42412 | 42412 |

3. **ભંડોળ પ્રવાહ પત્રક (Fund Flow Statement)**
    - અહીં બે ભાગ હોય છે:
        - **ભંડોળની પ્રાપ્તિ (Sources of Funds)**
        - **ભંડોળનો ઉપયોગ (Application of Funds)**

---

**ભંડોળની પ્રાપ્તિ (Sources of Funds)**

1. સુધારેલ ચોખ્ખો નફો
2. શેર મૂડીમાં વધારો
3. લાંબા ગાળાની લોન લીધી
4. સ્થાવર સંપત્તિનું વેચાણ
5. રોકાણનું વેચાણ
6. કાર્યશીલ મૂડીમાં ઘટાડો

---

**ભંડોળનો ઉપયોગ (Application of Funds)**

1. સ્થાવર સંપત્તિની ખરીદી
2. રોકાણની ખરીદી
3. લોનની ચુકવણી
4. ડિવિડન્ડ ચુકવણી
5. કાર્યશીલ મૂડીમાં વધારો

---

**ભંડોળ પ્રવાહ પત્રક (નમુનો કાલ્પનિક આંકડા સાથે )**

| વિગત | .રૂ. | રૂ. |
|---|---|---|
| **ભંડોળ ની પ્રાપ્તિ** | | |
| બહાર પડેલી ઈ. શેરમૂડી | 50000 | |

| | | |
|---|---|---|
| કાર્યશીલ મૂડી નો ઘટાડો | 273000 | |
| યંત્ર નું વેચાણ | 50000 | |
| રોકાણ નું વેચાણ | 60000 | |
| સુધારેલો ચોખ્ખો નફો | 205000 | 638000 |
| | | |
| **ભંડોળ નો ઉપયોગ** | | |
| ફર્નિચર ની ખરીદી | 33000 | |
| યંત્ર ની ખરીદી | 365000 | |
| રોકાણ ની ખરીદી | 90000 | |
| ચૂકવેલ કરવેરો | 90000 | |
| ડિવિડંડ ચૂકવ્યું | 60000 | 638000 |